23/7

આદર્શ નિવાસી શાળાઓ તથા છાત્રાલયઓમાં વોર્ડન/ઇન્ચાર્જ વોર્ડન પોતાની ફરજના સ્થળે ફરજીયાત ભોજન કરે તેવી વ્યવસ્થા ગોઠવવા બાબત...

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ અનશ/૨૦૦૮/ યુ..ઓ.૪ /ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૫/૦૪/૨૦૦૮

પરિપત્ર :-

અનુ.જનજાતિનાં વિધાર્થીઓ માટે રાજયમાં કુલ ૪૩ સરકારી શાળાઓ તથા ૫૪ સરકારી છાત્રાલયો કાર્યરત છે. અનુભવે તેમજ નિરીક્ષણો બાદ સરકારશ્રીનાં ધ્યાન પર આવેલ છે કે આ છાત્રાલયો / આદર્શ નિવાસી શાળાઓમાં વિધાર્થીઓને આપવામાં આવતા ભોજનની ગુણવત્તા નિમ્ન સ્તરની હોય છે તેમાં દેખરેખ રાખવા છતાં યોજનાની ગુણવત્તામાં સુધારો જોવા મળતો નથી.

ઉપર્યુકત પરિસ્થિતિના નિવારણ માટે હવેથી દરેક આદર્શ નિવાસી શાળાઓ તેમજ છાત્રાલયોમાં ફરજ બજાવતાં વોર્ડન/ ઇન્ચાર્જ વોર્ડનશ્રીઓ માટે પોતાની ફરજના સ્થળે વિધાર્થીઓની સાથે જ શાળા અથવા છાત્રાલયોનાં ભોજનગૃહમાં ફરજીયાત ભોજનની વ્યવસ્થા ગોઠવવા સંબંધિતોને સૂચના આપવામાં આવે છે. વધુમાં કર્મચારીઓ માટે અલગથી ભોજન તૈયાર થતું જણાશે તો તે અંગે સંબંધિતની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની રહેશે જેની નોંધ લેવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

sd/-
(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મહામહિમ રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, આ.વિ.વિ.ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર(સબંધિતોને જરૂરી સુચના આપવા વિનંતી)
- નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ)
- સર્વે પ્રાયોજના અધિકારીશ્રીઓ (આદિજાતિ વિકાસ )
- સર્વે શાખાઓ,આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
- સિલેકટ ફાઇલ.

RAVAL- ANS-2008-U-O--------------G-408